અનુ.જાતિ સમાજ શિક્ષણ શિબિર ગલુદણમાં સંપન્ન

ગાંધીનગર, તા. ૨૫

અનુ.જાતિ. સમાજ શિક્ષણ શિબિર ગાંધીનગર તાલુકાનાં ગલુદણ ગામે યોજાઈ હતી. જેમાં દહેગામ ગાંધીનગર તાલુકાની અનુ.જાતિના ભાઈઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. છેડાલ પરગણા રોહિત સમાજ સેવા સંઘનાં પ્રમુખ સોમાભાઈ સોલંકી તથા પદાધિકારીઓ હાજર રહ્યાં હતા. ગલુદણ ગામનાં સરપંચ અને જિલ્લા કોંગ્રેસના અગ્રણી શ્રીમતી વિમલાબેન પરમાર, દહેગામ તાલુકા ન્યાય સમિતિનાં ચેરમેન ડાહ્યાભાઈ સોલંકી હાજર રહ્યાં હતા. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી રાજેશભાઈ વસાવાએ અનુ.જાતિના કલ્યાણ યોજનાની વિસ્તૃત માહિતી આપી. અનુ.જાતિ.ના પ્રશ્નોની રજૂઆતોનો સંતોષ કારક જવાબો આપ્યાં હતા. આભારવિધિ શંકરલાલ પી. સોલંકીએ કરી હતી. સંચાલન અધ્યાપક આર. એસ. પટેલે કર્યું હતું.

સેકટર-૭ડી આદ્યશક્તિ સાંસ્કૃતિક મંડળ દ્વારા હોળી ઉત્સવ ઉજવાશે

સતત આઠ વર્ષથી વિવિધ સાંસ્કૃતિક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરનાર આદ્યશક્તિ સાંસ્કૃતિક મંડળ સેક્ટર-૭ડી દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે તા. ૨૬મી માર્ચના મંગળવારે સાંજે ૭ વાગે આદ્યશક્તિ ચોકમાં પરંપરાગત હોળી પ્રગટાવવાનો કાર્યક્રમ રાખેલ છે. દર્શનનો લાભ લેવા જણાવવામાં આવે છે.

અડાલજ શનિ શંકુલનો ષષ્ઠમ પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૫

શ્રી હર્ષ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શનિ સંકુલ દ્વારા તા.૧લી એપ્રિલ ૨૦૧૩ને સોમવારે શ્રી શનિ સંકુલ, કલોલ-ગાંધીનગર ક્રોસ રોડ, અડાલજ, તા.જિ. ગાંધીનગર ખાતે ષષ્ઠમ પાટોત્સવ ઉજવાશે.

અડાલજના આંગણે આવેલા શનિ સંકુલમાં તા.૧લી એપ્રિલે ષષ્ઠમ પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શનિ યજ્ઞ સવારે ૯ થી સાંજે ૪ કલાક દરમિયાન યોજાશે. શનિ મહાઅભિષેક રાત્રે ૮ કલાકે યોજાશે. યજ્ઞના આચાર્ય પદે વીનીતભાઈ રાજયગુરુ રહેશે. આ પ્રસંગે કાશી સુમેરગઢના પ.પૂ. ચંદનગીરી બાપુ ખાસ ઉપસ્થિત રહેશે અને આશીર્વાદ પાઠવશે.

કેવળ પરમ તત્વ જ્ઞાન પ્રકાશનો લાભ લેવા અનુરોધ

ગાંધીનગર, તા. ૨૫

'જો હે સો હે' સૂત્રને અનુસરતા અને કેવળ પરમ તત્વ જ્ઞાન પ્રકાશને જાણવા તત્પર એવા જિજ્ઞાસુ અને મુમુક્ષુ લાભાર્થીઓ માટે દરરોજ સવારે ૮ થી ૧૨ અને સાંજે ૪ થી ૮ કલાકે ૫૭, અનિર્દેશ બંગ્લો, ખ-૦, સરગાસણ ચોકડી પાસે, સ્વામી વિવેકાનંદ માર્ગ, ગાંધીનગર ખાતે આયોજીત થાય છે. જેનો નગરજનો લાભ લઈ શકશે.

આવતીકાલે લિમ્બચ માતાજીના મંદિરે આરતી પ્રસાદીનો કાર્યક્રમ

પ્રેરણા પ્રગતિ મંડળ, ગાંધીનગરના ટ્રસ્ટી ભરતભાઈ સૂર્યાવાલાએ જણાવ્યું છે કે, શ્રી લિમ્બચ માતાજી મંદિર, ગાંધીનગર ખાતે તા. ૨૭મી માર્ચ-૨૦૧૩ને બુધવારના રોજ પૂનમ હોવાથી સાંજે ૬.૧૫ કલાકે આરતી, પ્રસાદીનો કાર્યક્રમ યોજાશે. કુડાસણવાળા વિનોદભાઈ પારેખ અને અમદાવાદના પ્રવીણાબેન પારેખ તરફથી પ્રસાદી ધરાવવામાં આવશે જેનો સર્વે ધર્મબંધુઓ લાભ લઈ શકશે.

આજે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે

ગાંધીનગર શહેરના જાણીતા કથાકાર કન્હૈયાલાલ મહારાજની વ્યાસપીઠે આજે તા. ૨૬મી માર્ચ-૨૦૧૩ને મંગળવારે રાત્રે ૮.૩૦ કલાકે જયેશભાઈ રાજવીના મુખ્ય યજમાન પદે સ્વ. વાલજીભાઈની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે. સુંદરકાંડના પાઠ પ્લોટ નં. ૫૬૭, આદર્શનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર ખાતે યોજાશે જેનો નગરજનો લાભ લઈ શકશે.

આપણે નિર્મિત કરેલી પરિસ્થિતિને કારણે જ આપણે તેના ભોગ બનવું પડે છે : સી.કે બુચ

'આર્ષ' અક્ષરધામ પ્રવચનમાળા અંતર્ગત 'સામાજિક કાયદાકીય સમસ્યાઓ અને તેનું નિવારણ' વિષય પર ૬૩મી પ્રવચનમાળા યોજાઇ

ગાંધીનગર, તા. ૨૫

પૌરાણિક શાસ્ત્રો, ભારતીય સંસ્કૃતિના સંદર્ભિત ગ્રંથો તેમજ તત્ત્વજ્ઞાનના અભ્યાસ માટે બી.એ.પી.એલ. સંસ્થાના વિદ્વાન સંતો દ્વારા અભ્યાસ તેમજ સંશોધનનો વિભાગ 'આર્ષ' દ્વારા ત્રૈમાસિક પ્રવચનમાળાનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં આર્ષ અક્ષરધામ દ્વારા ૬૩મી પ્રવચનમાળા 'સામાજિક કાયદાકીય સમસ્યાઓ અને તેનું નિવારણ' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત હોઈકોર્ટનાં નિવૃત્ત ન્યાયમૂર્તિ સી.કે. બુચ સાહેબે આ વિષે પ્રવચન કર્યું હતું.

સી.કે. બુચ સાહેબે પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, દરેક મનુષ્યને શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાયો, સુંદરકાંડ તેમજ અન્ય ધાર્મિક સ્તવનો કંઠસ્થ હોય છે તે માત્ર ગળા સુધી જ હોય છે એ કંઠસ્થ કરેલ જ્ઞાનને દિલ અને દિમાગ સુધી પહોંચાડવું જોઈએ અને સંપૂર્ણ શ્રધ્ધા-આસ્થા સાથે તેને જીવનમાં ઉતારવું જોઈએ. એવી જ રીતે આજનાં સમાજમાં કાયદાની અગત્યતા અને તેનું સમયસૂચકતા સાથેનું પાલન પણ એટલું જ અગત્યનું છે.

આપણે નિર્મિત કરેલી પરિસ્થિતિને કારણે જ આપણે તેનાં ભોગ બનવું પડે છે. જે સમાજ, સંસ્થા અને દેશમાં રહેતાં હોઈએ તો એનાં ધારાધોરણો અપનાવવા ખૂબ જ જરૂરી છે. ઉદાહરણ તરીકે મંદિરે જાઓ તો મંદિરનાં નિમયોને આધીન બૂટ - ચંપલ બહાર ઉતારવા, શાંતિ જાળવવી વગેરે... આમ તમામ જગ્યાએ અલગ અલગ ધારાધોરણ બનાવેલ હોય છે જેને આપણએ ચોક્કસપણે પાળવા જોઈએ.

ધોરણો ઘડનારા પાસે ધોરણોનું પાલન કરાવવાની આવડત અને સત્તા હોય છે. કામદારો, ડૉકટરો, શેઠ, માલિકો દરેકના અલગ અલગ ધારાધોરણો હોય છે. નોકરિયાતોને પણ પોતાની નોકરીની જગ્યાએ જણાવવામાં આવેલ નિયમો પાળવાનાં હોય છે અને કંપનીના માલિકોએ પણ પાળવાનાં હોય છે. દૂંકમાં દરેક માટે ધારાધારણો બનાવવામાં આવ્યાં છે.

માણસ અતિગંભીર બાબતોમાં પોતાના સામાજિક મૂલ્યનિષ્ટામાં સમાધાન કરીને નીચે ઊતરતો જાય છે. ખરેખર વિચાર માંગી લે તેવી બાબત છે. પોતાની એક મર્યાદા દરેક માણસે નક્કી કરવાની હોય છે અને પોતાની નક્કી કરેલી મનુષ્યની તરીકે એ મર્યાદામાં એ કેટલી બાંધછોડ કરી શકશે અને કેટલી હદ સુધી નીચો ઉતરી શકશે એ દરેક મનુષ્ય પોતે નક્કી કરતો હોય છે. દરેક મનુષ્યએ મર્યાદા બહાર ન જવું જોઈએ. વિવેકબુધ્ધિથી નિર્ણય કરવો જોઈએ.

એક પરણેલો દીકરો પોતાની પત્ની રસોડામાં કામ કરતી વખતે સાંભળી શકતી હોય તેવા સંજોગોમાં પોતાના પિતા સાથે કેવી રીતે વર્તવું જોઈએ અને એક પિતાએ પોતાના પરિણિત પુત્રને પોતાની પુત્રવધુ સાંભળતી હોય એ દરમિયાન કેવું વર્તન કરવું જોઈએ એ અંગેના કોઈ કાયદા નથી છતાંય આજે કેટલાય સંસ્કારી ઘરોમાં આનું ચૂસ્તપણે પાલન થાય છે. કહેવાનું માત્ર એટલું જ છે કે, દરેક બાબતે કાયદા ન હોવા છતાં પણ કેટલીય બાબતો કાયદા વિના પણ આપણેખૂબ સારી રીતેનિભાવી જાણીએ છીએ.

જે વસ્તુઓ સમાજને અડચણરૂપ બને છે તેને આપણે જાણી જોઈને પ્રોત્સાહિત કરતાં હોઈએ છીએ. દા.ત. આપણા બેન્ક ખાતામાં બેલેન્સ ન હોવા છતાં આપણે લોકોને ચેક ફાડીને આપી, છેતરપીંડી આચરીએ છીએ જે બિલકુલ યોગ્ય નથી. આવી તો ઘણી વિટંબણાઓ છે જેને આપણે સામે ચાલીને વહોરી લઈએ છીએ જે યોગ્ય નથી. ફરજપાલનમાં શિથિલતા કાનૂની પ્રક્રિયામાં ગૂંચ ઊભી કરે છે. જેને સૌ સભ્યસમાજે સ્વીકારવી જોઈએ અને નિષ્ઠાપૂર્વક આચારવિચાર, આદાન પ્રદાન વ્યવહારૂ બનાવવું જોઈએ.

પ્રવચનને અંતે બુચે સાહેબે ઉપસ્થિત સો સત્સંગીજનોના કાયદા વિશેનાં પ્રશ્નોનાં સંતોષકારક જવાબો આપ્યાં હતા.

ધાબા પર ચડવા જેવી બાબતે પડોશીએ બાળકનો લાકડીઓ ફટકારી

સે-૨૧ પોલીસમાં મારામારી અને એટ્રોસીટીની ફરિયાદ દાખલ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીક જીઈબી કોલોની ખાતે ધાબા પર ચડવા જેવી નજીવી બાબતે પડોશીએ બાળક પર લાકડીઓ ફટકારી જાતિય ટિપ્પણી કરતા બાળકના પિતાએ સે-૨૧ પોલીસમાં મારા મારી અને એટ્રોસીટીની ફરિયાદ નોંધાવી હતી જે મામલે એસ.સી. એસ.ટી. સેલના ડીવાયએસપીએ વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીનગર નજીક જીઈબી કોલોની આવેલી છે. જયાં કોલોનીના બ્લોક નં. એફ/૧૧/૧માં કાન્તિભાઈ હમિરભાઈ પરમાર પોતાના પરિવાર સાથે રહે છે. દરમિયાન તેમનો દિકરો ગત રાત્રે બ્લોકના ધાબા પર ગયો હતો અને ઉપર રહેતા ગુલાબસિંહ ઝાલા અને તેમની પત્નીએ આ બાળકને રોકયો હતો અને તું કેમ આટલી મોડી રાત્રે ધાબા પર ગયો હતો તેમ કહી મારામારી કરી હતી અને બાદમાં ગુલાબસિંહે લાકડીઓ ફટકારી હતી. મારથી બચવા બાળકે બીજા માળથી કૂદકો માર્યો હતો જેથી તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને બાદમાં આ મામલે બંને પરિવાર વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા ગુલાબસિંહે કાન્તિભાઈના વિરુધ્ધમાં જાતિ વિષયક ટિપ્પણી કરતા તેમને સેકટર-૨૧ પોલીસ મથકમાં મારા મારી અને એટ્રોસીટીની ફરિયાદ નોંધાવી હતી જે મામલે એસ.સી. એસ.ટી. સેલના ડી.વાય.એસ.પી. કે.એસ. ત્રિવદીએ વધુ તપાસ હાથ ધરી છે.

ફતેપુરા ગામમાં મફત મેડીકલ અને ડાયાબિટીસ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

એલ.ડી.આર.પી. આઈ.ટી.આર.ના કેડેટ્સોએ કર્નલ સંદીપ કે. સીંગના માર્ગદર્શન હેઠળ માણસાના ફતેપુરા ગામમાં મફત મેડીકલ કેમ્પ તાજેતરમાં સફળ રીતે સંપન્ન કર્યો હતો.

ફતેપુરા ગામમાં યોજાયેલ નિઃશુલ્ક મેડીકલ અને ડાયાબિટીસ ચેક અપ કેમ્પમાં તજજ્ઞ ડૉકટર રીપલ ચૌધરી અને ડૉ. રાજેશ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ૨૦૦ કરતા વધુ દર્દીઓને તપાસી દવાઓનું વિતરણ કર્યુ હતું. એન.સી.ડી.એલ. સિવિલ હોસ્પિટલ ગાંધીનગર દ્વારા મફત મેડીકલ અને ડાયાબિટીસ ચેક અપ કેમ્પ સફળ રહ્યો હતો.

સેક્ટર-૩માં ગટર સફાઈ કામદારના મોતને મામલે કોન્ટ્રાક્ટ ધરાવતી મંડળીને ટર્મીનેટ કરાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના સેક્ટર-૩ નવરાત્રી ચોકમાં ગતરોજ ગટર સાફ કરવા ગયેલા એક કામદારનું ગટરમાં જ ગુંગળામણથી મોત થતા પાટનગર યોજના વિભાગે ઘટનાની ગંભીરતા જોતા સફાઈના કોન્ટ્રાક્ટ ધરાવતી સૌરાષ્ટ્ર મજદૂર કામદાર સહકારી મંડળીને ટર્મિનેટ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગાંધીનગર શહેરના સેક્ટર-૩-બી નવરાત્રી ચોકમાં ગતરોજ સવારે પોણા દસ વાગ્યાના અરસામાં તંત્ર દ્વારા ડ્રેનેજ લાઈન સાફ કરવા કોન્ટ્રાકટર હેઠળના કામદારો મોકલ્યા હતા. જેટીંગ મશીન લઈને આવેલા બે કામદારોએ ગટર સાફ કરવાની તૈયારી કરીને ગટરનું ઢાંકણ ખોલ્યું હતું. મુળ ધંધુકાના અને હાલ સેક્ટર-૨૦ના છાપરામાં રહેતા ૩૦ વર્ષીય કામદાર મંગાભાઈ જીવાભાઈ માડૂડાને ગટરમાં સફાઈ માટે કોઈ સેફ્ટી વગર અંદર ઉતાર્યા હતા. ગટરમાં રહેલા મિથન ગેસ હવા કરતા ભારે હોવાથી લાઈનમાં ભરાયેલો હતો જેથી ગેસ શ્વાસમાં જતા જ અંદર ઉતરેલો કામદાર બેભાન થઈ ગયો હતો અને પાંચેક મિનિટ તેનું ગુંગળામણથી મોત નિપજ્યું હતું. આ સમગ્ર મામલે પાટનગર યોજના વિભાગ દ્વારા કોન્ટ્રાક્ટ આપવામાં આવેલા સૌરાષ્ટ્ર મજદૂર કામદાર સહકારી મંડળી સામે લાલ આંખ કરી આજે તાત્કાલિક ધોરણે ટર્મિનેટ કરવામાં આવી છે.

છેલ્લા ૧૪ વર્ષથી પક્ષીઓની તરસ છીપાવતા નરેન્દ્રભાઈ રાવલ

ગાંધીનગર, તા.૨૪

ઉનાળાની કાળઝાળ ગરમી શરૂ થતાં જ માનવ માત્ર ઠંડકની શોધમાં વૃક્ષોનો છાંયડો, એસીનો રૂમ, પંખાના હવા ખાવા એકાંત રૂમમાં લપાઈ જાય છે ત્યારે બિચારા અબોલ પક્ષીઓ શું કરતા હશે!! તરસ છીપાવવા સતત એક ડાળખીથી બીજી ડાળખી ઉપર ઉડા ઉડ અને પાંખો ફેલાવી ચીચીયારીઓ પાડતા પક્ષીઓની તરસ છીપાવવા ગાંધીનગરના સજ્જન નરેન્દ્રભાઈ રાવલ છેલ્લા ૧૪ વર્ષથી પક્ષીઓ માટે પરબો તૈયાર કરી તેનું વિતરણ કરે છે. શરૂઆત માત્ર ૨૫૦ પરબડીથી કરનાર નરેન્દ્રભાઈ હાલમાં દર વર્ષે ૧૦૦૦થી ૧૨૦૦ જેટલી પરબો સ્વ ખર્ચે લાવી તેને જુદી જુદી જગ્યાએ જઈને વિના મુલ્યે વહેંચે છે જે સરાહનીય કાર્ય છે

નરેન્દ્રભાઈએ નાનકડી ઘટનામાંથી અબોલ પક્ષીઓની તરસ છિપાવવાનો સેવા યજ્ઞ આરંભ્યો છે. તેઓ આરોગ્ય વિભાગ સચિવાલયમાં સરકારી ફરજ બજાવે છે અને સેક્ટર-૭, ચ ટાઈપ ૧૭/૨માં રહે છે. એકવાર તેઓ સરકારી મકાનની આગળ કઠણ જમીન ખોદવા પાઈપથી પાણી ભરતા હતા. પાણી ભરાતાં જ આજુબાજુના વૃક્ષોમાંથી જાણે ગાંઠીયા નાંખોને કાબરો આવી જાય તેમ જુદા જુદા પક્ષીઓ-ખિસકોલીઓ મોટી સંખ્યામાં પાણી પીવા આવવા લાગ્યાં ત્યાં જ નરેન્દ્રભાઈને વિચાર આવ્યો આ અબોલ પક્ષીઓ પાણી માંગવાની વાચા ધરાવતા નથી કાં તો આપણે પક્ષીની વાચા ઓળખવા નવરા નથી આ વિચારોએ તેમને વિચારતા કરી મૂકયા. તેઓ તરત જ ૨૫૦ જેટલી પાણીની પરબો (ચકલોડિયા) ખરીદી લાવ્યા. તેમણે સને ૨૦૦૦ની સાલથી સ્વ ખર્ચે પક્ષીઓની તૃષ્ણા છીપાવવા વિના મુલ્યે માટીની પરબો વિતરણ કરવાનો સેવા યજ્ઞ ચાલુ કર્યો છે. અવિરત કોઈ પણ વર્ષ ચુકયા સિવાય પાણીની પરબોની સંખ્યામાં દર વર્ષે વધારો કરતા કરતાં ૨૫૦-૫૦૦-૭૦૦-૮૦૦-૧૦૦૦ આમ આજે ૧૦૦૦થી ૧૨૦૦ પરબો સ્વખર્ચે તૈયાર કરાવી વિના મુલ્યે ગાંધીનગરના મંદિરોએ સ્વયં હાજર રહી દર્શનાર્થીઓને અને શહેરના રહેઠાણોએ સ્વયં હાજર રહી પાણીની પરબો વિના મુલ્યે વિતરણ કરી રહ્યા છે. સતત ચૌદમા વર્ષે પણ પરબો-ચકલોડીયાનું વિતરણ કરી અબોલ પક્ષીઓની તરસ છીપાવવાનો સેવા યજ્ઞ દિપાવી રહ્યા છે. આ કાર્યમાં તેમના ધર્મપત્ની શ્રીમતી કપિલાબેન રાવલ અને તેમના તબીબ પુત્ર ડૉ. મિલન રાવલ ખૂબ સાથ સહકાર આપી રહ્યા છે.

(તસવીર : દિપક જાની)

આદિવાસી ડુંગરી ગરાસીયાનો હોળી-ધૂળેટી ઉત્સવ ૨૭મીએ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતના આદિવાસી ડુંગરી ગરાસીયા જન સમુદાયનો હોળી-ધૂળેટીનાં તહેવારનો કાર્યક્રમ તા. ૨૭મી માર્ચ-૨૦૧૩ને બુધવારે બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન સેક્ટર-૩-એ-ન્યૂ, કેસૂડીયાવન, ગાંધીનગરના મેદાનમાં યોજાશે.

હોળી-ધૂળેટીના પર્વ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મેયર મહેન્દ્રસિંહ રાણા તથા સર્વે કોર્પોરેટરો અને રુચિરભાઈ ભટ્ટ, શહેર ભાજપ પ્રમુખ ઉપસ્થિત રહેશે. ડુંગરી ગરાસીયા સમાજના તમામ ભાઈ બહેનોને પરંપરાગત પહેરવેશમાં ઢોલ, કુંડી, લેઝીમ, જવારા, દાંડીયા સાથે સહકુટુંબ હાજર રહેવા તેમજ અન્ય પર્વ પ્રેમીઓને પણ આદિવાસી ડુંગરી ગરાસીયા હોળી-ધૂળેટી ઉજવણી સમિતિ, ગાંધીનગર તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૦

સૂર્યાસ્ત : ૬.૪૯

તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૬.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૪૬ ટકા ● સાંજે ૨૨ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ઑલમ્પસ હૅસ ફૉલન (હિન્દી) : ૯.૧૫, ૧.૪૫, ૬.૧૫, ૧૦.૪૫

સોના સ્પા : ૧૧.૪૫

મેરે ડૅડ કી મારુતિ : ૪.૧૫, ૮.૪૫

: સ્ક્રીન-૨ :

આત્મા : ૧૦.૩૦, ૧૨.૩૦, ૨.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૮.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

જૉલી એલએલબી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૪ :

રંગરેઝ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

રંગરેઝ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

પ્રેમના દુશ્મન (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

રંગરેઝ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

આત્મા : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૫.૪૫, ૮.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

ઉજી : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૪૫

જૉલી એલએલબી : ૧૨.૪૫, ૬.૦૦, ૮.૩૦

વિરાગ, કલોલ

આખા જગથી નિરાળી મારી સાજણા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : કર્મક્ષેત્ર વિશિષ્ટ કાર્યો ને પૂર્ણ કરવા માટે વિશેષ યાત્રાનો યોગ. નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કુટુંબના સભ્યો સાથે મતભેદ થઈ શકે છે.

વૃષભ : નિર્ણયોને ખાનગી રાખવા જરૂરી છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. આવક-ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે.

મિથુન : બુદ્ધિ અને મનોબળથી સુખ-સંપન્નતાની સ્થિતિ બનશે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

કર્ક : આર્થિક રોકાણ વિચારીને કરવું. મિત્રોની સાથે સમય પસાર થશે. નવા સંબંધ બની શકે છે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

સિંહ : કુટુંબનું વાતાવરણ નિરાશાનજક રહેવાથી ઉત્સાહ ઘટશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

કન્યા : સ્થાયી સંપતિ ખરીદની સંભાવના છે. પ્રયત્નોમાં સફળતા મળશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર-ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે. વધુ પ્રયત્ન કરવો પડશે.

તુલા : મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું. ઋણ લેવું પડી શકે છે. કૌટુંબિક ચિંતાથી મન ખિન્ન થશે. વધુ ખર્ચ ન કરવો, નહીં તો મુશ્કેલી થઈ શકે છે. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

વૃશ્ચિક : પ્રયત્ન કરવા પર કાર્યોમાં સફળતા મળશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના. અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

ધન : કાર્યક્ષેત્રમાં વિઘ્નો ઉત્પન્ન થઈ શકે છે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ.

મકર : સ્ફુર્તિ અને જોશ રહેશે. ધર્મમાં આકર્ષણ વધશે. મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે.

કુંભ : પરિવારમાં સુખ શાંતિનું વાતાવરણ રહેશે. સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. શાસનથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે.

મીન : શત્રુઓથી હાનિ થવાની આશંકા છે. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

ચિરવિદાય

- સ્વ. ઈમાન્દ્રીબેન યોગેશભાઈ જોશીપુરા (ઉ.વ. ૬૯) પ્લોટ નં. ૧૦૭, સર્વોદયનગર, સેક્ટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. લીલાબેન કાનાજી ઠાકોર (ઉ.વ. ૫૫) મુ.પો. ટીંટોડા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ.હર્ષદભાઈ લાલાભાઈ નાયી (ઉ.વ. ૩૭) મુ.પો.કોલવડા, તા.,જિ. ગાંધીનગર.